વૃદ્ધાવસ્થા અને રોગગ્રસ્ત શરીરને કારણે તેઓશ્રીની કાયા અસ્વસ્થ રહેવા લાગી પણ એ અસ્વસ્થતા અને પીડાને શાંતિ અને સમતાથી સહન કરીને સ્વગુરુદેવના કાળધર્મ પછી દસેક વર્ષે, સં. ૨૦૨૯ના ચૈત્ર સુદ ૧૪ના પર્વ દિને કચ્છના આધોઈ ગામમાં આચાર્યશ્રી વિજય-દેવેન્દ્રસૂરીશ્વરજી મહારાજનું સમાધિપૂર્વક દેહાવસાન થયું. એ આચાર્યદેવનું સ્મરણ શ્રીસંઘને ધર્મના સર્વ મંગલકારી માર્ગે લઈ જાઓ એ જ અભ્યર્થના સહ પૂજ્યશ્રીને કોટિ કોટિ વંદના !

( પ્રેષક : પૂ. મુનિશ્રી મુનિચંદ્રવિજયજી મહારાજ )

### કચ્છ–વાગડ સમુદાયના નેતૃત્વને સફળ અને ઉજ્જવળ બનાવનારા, કચ્છ અને બનાસકાંઠાદિ પ્રદેશોમાં અભૂતપૂર્વ શાસનપ્રભાવના પ્રવર્તાવનારા, વાત્સલ્યમૂર્તિ–કરુણામૂર્તિ–અધ્યાત્મયોગી

## પૂ. આચાર્યપ્રવર શ્રી વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ

પરમ ઉપકારી તીર્થંકર ભગવાને પળમાત્ર જેટલો ય પ્રમાદ ન કરવાની આપેલી દિવ્ય વાણી અને ચેતવણી, દરેક આત્મસાધકને તેમ જ વ્યાવહારિક સાધનાને માટે પુરુષાર્થ કરતા પ્રત્યેક માનવીને માટે પણ, ભીષણ સંસારનાં અનેક ભયસ્થાનોથી બચવાનો મૂંગો સાદ કરતી દીવાદાંડીની ગરજ સારે છે, અને એ સમગ્ર સંસારના જીવોને માટે મહાન ઉપકારક બની રહે એવી છે. અને એટલે જ ચિત્તશુદ્ધિ અને આત્મદર્શનના આધ્યાત્મિક ધ્યેયને વરેલા આઠે પહોર–ચોવીશે કલાક–સાઇઠે ઘડી મોક્ષલક્ષી ધર્મપુરુષાર્થ કરતા પરમ પૂજ્ય આચાર્યદેવશ્રી વિજયકલાપૂર્ણસૂરિજી મહારાજ દેવાધિદેવ શ્રી તીર્થંકર ભગવંતની આ દિવ્ય અને પવિત્ર વાણીમાંથી મળતી ચેતવણીની અને સદા જાગ્રત રહેવાની પ્રાપ્ત થતી અમૃત સમી ઉપદેશ-વાણીની લેશ પણ ઉપેક્ષા કેવી રીતે કરી શકે ? પૂજ્યશ્રીના થોડા પણ પરિચયમાં આવનારી સહૃદય વ્યક્તિને એમ લાગ્યા વિના ન રહે કે, પોતાને મળેલા આયુષ્યને પરમ કૃપાળુ પરમાત્માની એટલે કે આત્માને પરમાત્મા બનાવવાની માનવભવને અમૂલ્ય થાપણ માનીને એની પળેપળનો ઉપયોગ આત્મચિંતન, પરમાત્મચિંતન અને વિશ્વના જીવ માત્રના કલ્યાણના ચિંતનમાં થાય એ માટે તેઓ સદા પ્રયત્નશીલ રહે છે; અને બહુમૂલી થાપણના એકાદ અંશની પણ પરની નિંદા–કૂથલીમાં, કાષાયિક મલિન ભાવોના સેવનમાં કે ભોગવિલાસની પાપવાસનાને પ્રોત્સાહન આપવામાં દુરુપયોગ ન થઈ જાય એની સતત જાગૃતિ રાખે છે. પૂજ્ય આચાર્યદેવશ્રીના રોજબરોજના સંયમી જીવનનું અને ધર્મકાર્યનું અવલોકન કરનાર હરકોઈ વ્યક્તિને એમની સંયમસાધનાને વિશેષ મૂલ્યવાન અને શોભાયમાન બનાવનાર બહુમૂલાં રત્ન સમી ત્રણ વિશેષતાઓ સહજપણે જ સમજાયા વગર રહેતી નથી. આ ત્રણ વિશેષતાઓ એટલે બાળકના જેવી નિર્દોષતા, ધ્યાનયોગ તરફની ઊંડી પ્રીતિ અને સમર્પિત ભાવથી શોભતી પરમાત્મભક્તિ.

તેઓશ્રી દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપી રત્નત્રયીની આરાધના તરફ તો ગૃહસ્થજીવન

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

દરમિયાન જ વધ્યા હતા— અને દીક્ષા લીધા પછી તો એ આરાધના-ઉપાસના ખૂબ જ અંતરસ્પર્શી, મર્મસ્પર્શી અને વ્યાપક બની હતી. તદુપરાંત પૂજ્યશ્રીનું સંયમજીવન મુકુટમણિ સમાન બીજા ત્રણ ગુણથી પણ સમૃદ્ધ બનેલું છે. તે છે બાહ્ય-આભ્યંતર તપ તરફનો આદરભાવ, સત્ય માર્ગને સમજવા અને સ્વીકારવા માટે શાસ્ત્રાધ્યયનનો નિષ્ઠાભર્યો પુરુષાર્થ અને બધા ય જીવો ઉપર અપાર કરુણા વરસાવતો આત્મૌપમ્ય ભાવ. વળી, પૂજ્યશ્રી વાણીનો પણ સંયમ પાળતા હોય તેમ બહુ ઓછું બોલે છે. પરંતુ તેઓશ્રીની અલ્પ પણ અમૃત-શી વાણીનો એવો પ્રભાવ પડે છે કે સૌ કોઈ એમનો પડ્યો બોલ ઝીલવા તત્પર હોય છે અને એમાં ધન્યતા અનુભવે છે. આ રીતે ત્રણ પ્રકારની રત્નત્રયીથી એટલે કે ગુણનિધિથી અલંકૃત પૂ. આ. શ્રી વિજયકલાપૂર્ણસૂરિજી મહારાજની સંયમસાધના ખૂબ ખૂબ સ્વચ્છ, વિમલ, પ્રભાવક, ઉપકારી અને કલ્યાણકારી બની છે. તેઓશ્રીના આવા દિવ્ય જીવનની થોડીક માહિતી મેળવીએ :

રાજસ્થાનમાં ધર્મતીર્થ જેવો મહિમા ધરાવતું ફલોદી નગર તેઓશ્રીની જન્મભૂમિ. પિતાનું નામ પાબુદાનજી, માતાનું નામ ખમાબહેન. સં. ૧૯૮૧ના વૈશાખ સુદ બીજના દિવસે એમનો જન્મ થયો. નામ રાખ્યું અક્ષયરાજજી. જાણે આત્માના અક્ષય સુખ માટે આ નામ હોય એવો ઉજ્જ્વળ સંકેત એમાં સમાયો હતો! અક્ષયરાજ ઘરસંસારમાં રહ્યા હતા અને સામાન્યજનની જેમ લગ્ન પણ કર્યાં હતાં. એટલે કુટુંબને નિભાવવાની જવાબદારીમાં એમને પોતાના પિતાજીને સહકાર પણ આપવો પડ્યો હશે. પરંતુ એમના જીવનની બદલાયેલી કાર્યદિશા પરથી કંઈક એવું તારણ નીકળી શકે કે, એમનો જીવ મોહ-માયા-મમતામાં રાચનારો કે વૈભવ, વિલાસ, સુખોપભોગ કે સમૃદ્ધિમાં ખૂંપી જનારો નહીં હોય; પણ એમના હૃદયને તો તપ-ત્યાગ-વૈરાગ્યનો માર્ગ જ પસંદ હશે. અને તેથી જ એમનું અંતર સંયમની સાધના પ્રત્યેના રંગથી રંગાયેલું હશે. અને તેથી જ જળકમળવત્ સંસારમાં રહ્યા છતાં પણ અલિપ્ત જેવું જીવન જીવતા હશે. આવા ઉત્તમ જીવને સંસારની અસારતાનો ખ્યાલ જરા સરખા સંત-સમાગમથી, ધર્મની વાણીના શ્રવણથી કે ધર્મના અધ્યયનથી કે સંસારીઓને વેઠવાં પડતાં દુઃખોનાં દર્શનથી પણ આવી જતાં વાર લાગતી નથી. અક્ષયરાજના જીવનમાં પણ કંઈક એવું જ બન્યું. સદ્ગુરુના સમાગમનો યોગ કંઈક એવું કામણ કરી ગયો કે જેથી સંસારથી અળગા થવાની ઇચ્છા ધરાવતું મન એ માટે અતિ ઉત્સુકતા અનુભવી રહ્યું. અને એક દિવસ એમની આ ઉત્સુકતા સફળ થઈ. અક્ષયરાજનો સંસારી જીવ ત્યાગના માર્ગે વૈરાગ્યને વિભૂષિત કરતાં ધવલ વસ્ત્રોથી શોભી ઊઠ્યો. પણ આવું ઉચ્ચ કોટિનું આત્મહિત સાધવામાં તેઓશ્રીએ કેવળ પોતાના જ કલ્યાણથી સંતોષ ન માનતાં; શાંત, હિતકારી અને વિવેકભરી સમજૂતીથી કામ લઈને પોતાના પૂરા પરિવારને—ધર્મપત્ની તથા બંને બાળકુમાર પુત્રોને સાથે લઈ ત્યાગમાર્ગનો સ્વીકાર કર્યો. એટલે આ રીતે, પોતાના આખા પરિવારને ભવસાગરને તરી જવાના દિવ્ય વહાલ સમા ભગવાન તીર્થંકર પ્રરૂપિત ધર્મના ચરણે, આનંદ અને ઉલ્લાસપૂર્વક સમર્પિત કરી દીધો.

આ ઘટના બની તે પ્રસંગે યોગાનુયોગ પણ કેવો આવકારદાયક બન્યો! સંયમના માર્ગના પુણ્યપ્રવાસી બનેલા અક્ષયરાજજીનું ગુરુપદ, મૂળ એમના વતનના જ એક સપૂત

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુપુંગવ તેમ જ વાગડદેશોદ્ધારક આચાર્યશ્રી વિજયકનકસૂરીશ્વરજી મહારાજના આત્મલક્ષી શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી કંચનવિજયજી મહારાજે પ્રાપ્ત કર્યું. શ્રી અક્ષયરાજજીનો દીક્ષા-મહોત્સવ એમના વતન ફલોદી શહેરમાં ધામધૂમથી સં. ૨૦૧૨ના વૈશાખ સુદ ૧૦ના, પરમાત્મા શ્રી મહાવીરપ્રભુના કેવળજ્ઞાન કલ્યાણકના પર્વ દિને ઊજવાયો હતો. તેઓશ્રીનું નામ મુનિશ્રી કલાપૂર્ણવિજયજી રાખવામાં આવ્યું, જાણે કે આત્મસાધનાની કળાને પરિપૂર્ણ રૂપે પ્રાપ્ત કરનારા પરમ ધર્મ-પુરુષાર્થમાં સંલગ્ન રહેવાનો જ એમનો ભાગ્યયોગ ન હોય! અને એ નૂતન મુનિરાજ શ્રી કલાપૂર્ણવિજયજી મહારાજના પગલે પગલે ત્યાગમાર્ગે પ્રયાણ કરતા બે સુપુત્રોનાં નામ મુનિ શ્રી કલાપ્રભવિજયજી અને મુનિશ્રી કલ્પતરુવિજયજી રાખવામાં આવ્યાં. આ બંને તરુણ મુનિવરો પોતાના પિતા-ગુરુની ભક્તિસભર સેવા અને જ્ઞાનચારિત્રની નિષ્ઠાભરી આરાધના દ્વારા પોતાની સંયમયાત્રામાં આગળ વધી રહ્યા છે.


પૂજ્યશ્રી કલાપૂર્ણવિજયજી મુનિવર માટે તો આ અવસર ભૂખ્યાને ભાવતાં ભોજન મળી જાય એવો હતો. એટલે એમાં લેશ પણ ક્ષતિ આવવા ન પામે કે એક ક્ષણ જેટલો સમય પણ આત્મતત્ત્વના અહિતકર અરિ સમાન આળસમાં એળે ન જવા પામે એ રીતે તેઓ સતત અપ્રમત્તભાવે પોતાના સંયમી જીવનને ઉજ્જવળ બનાવવા મન–વચન–કાયાની એકાગ્રતાથી કાર્યરત બની ગયા. આ કાર્યમાં શાસ્ત્રાભ્યાસ, નાનીમોટી તપસ્યાઓ અને શિષ્યોને અધ્યાપન કરાવવા જેવી પ્રવૃત્તિ ઉપરાંત ધ્યાનયોગ અને ઈશ્વરપ્રણિધાનનો પણ સમાવેશ થાય છે. એમની ધ્યાનયોગ માટેની પ્રવૃત્તિ જોતાં એમ જ લાગે કે જૈનસાધનામાંથી ઠીક ઠીક પ્રમાણમાં વીસરાઈ ગયેલા ધ્યાનના માર્ગને પુનઃ ચાલુ કરવા તેઓશ્રી જાત-અનુભવ અને સ્વયંપ્રયોગ દ્વારા, બહુ જ આવકારપાત્ર પ્રયત્નો કરી રહ્યા છે. જ્યારે તેઓશ્રી તીર્થંકર પરમાત્માની પ્રતિમા સામે ઈશ્વર-પ્રણિધાનમાં ઊતરી જાય છે, ત્યારે તો આરામ, આહાર અને સ્થળકાળના ભેદને વીસરી ગયા હોય એવું ભવ્ય અને પ્રેરક દૃશ્ય જોવા મળે છે! આહાર લેવાની વૃત્તિ ઉપર તથા સ્વાદ ઉપર પૂજ્યશ્રીએ હેરત પમાડે એવો કાબૂ મેળવ્યો છે. આથી તેઓશ્રીની શ્રમણધર્મની સાધના વગેરે ચરિતાર્થ અને પ્રભાવશાળી બની છે એમ કહેવું જોઈએ.

આ સંતપુરુષને સં. ૨૦૨૫ના મહા સુદિ ૧૩ના રોજ ફલોદી શહેરમાં મહામહોત્સવ-પૂર્વક પંન્યાસપદથી વિભૂષિત કરવામાં આવ્યા; અને સં. ૨૦૨૯ના માગશર સુદિ ૩ના દિવસે કચ્છના સુપ્રસિદ્ધ પ્રાચીન તીર્થ ભદ્રેશ્વરની પુણ્યભૂમિમાં આચાર્યપદે આરૂઢ કરવામાં આવ્યા. આ પ્રસંગે આયોજિત જૈનસંઘનો વિશાળ મેળો અને એ મહોત્સવ સદા માટે યાદગાર બની ગયા! પોતે આચાર્ય ન હતા ત્યારે પણ શ્રીસંઘની ધર્મભાવનાને ટકાવી રાખવાની અને વધારવાની જવાબદારીમાં આ મુનિવર ક્યારેય પાછા પડ્યા ન હતા. એટલે આચાર્ય બનીને સંઘનાયક તરીકેના મહાન જવાબદારીવાળા પદે પ્રતિષ્ઠિત થયા પછી તો એમની આ પ્રવૃત્તિમાં અનેકગણો વધારો થવા પામ્યો છે. વાગડ સમુદાયના આશરે ૪૫૦ સાધુ–સાધ્વીજીઓના શિરછત્ર તરીકે તેઓશ્રી સર્વની સંયમયાત્રા સારી રીતે આગળ વધે એની પૂરી સંભાળ રાખે છે. પૂજ્યશ્રીના શુભ હસ્તે ઘણા પુણ્યાત્માઓની દીક્ષાઓ થઈ છે. પૂજ્યશ્રીના નિકટવર્તી શ્રમણ સમુદાયમાં

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

પૂ. ઉપાધ્યાય શ્રી પ્રીતિવિજયજી ગણિ, પૂ. પંન્યાસ શ્રી કલાપ્રભવિજયજી ગણિ, પૂ. શ્રી દર્શનવિજયજી મહારાજ, પૂ. શ્રી કલહંસવિજયજી મહારાજ, પૂ. શ્રી કલ્પતરુવિજયજી મહારાજ, પૂ. શ્રી કીર્તિચંદ્રવિજયજી મહારાજ, પૂ. શ્રી મુક્તિચંદ્રવિજયજી મહારાજ, પૂ. શ્રી પૂર્ણચંદ્રવિજયજી મહારાજ, પૂ. શ્રી મુનિચંદ્રવિજયજી મહારાજ, પૂ. શ્રી કીર્તિરત્નવિજયજી મહારાજ, પૂ. શ્રી દિવ્યરત્નવિજયજી મહારાજ, પૂ. શ્રી તીર્થભદ્રવિજયજી મહારાજ, પૂ. શ્રી વિમલપ્રભવિજયજી મહારાજ, પૂ. શ્રી પરમપ્રભવિજયજી મહારાજ, પૂ. શ્રી હેમચંદ્રવિજયજી મહારાજ, પૂ. શ્રી આનંદવર્ધનવિજયજી મહારાજ, પૂ. શ્રી તત્ત્વવર્ધનવિજયજી મહારાજ, પૂ. શ્રી અનંતયશવિજયજી મહારાજ, પૂ. શ્રી અમિતયશવિજયજી મહારાજ, પૂ. શ્રી કીર્તિદર્શનવિજયજી મહારાજ, પૂ. શ્રી આત્મદર્શનવિજયજી મહારાજ, પૂ. શ્રી તત્ત્વદર્શનવિજયજી મહારાજ, પૂ. શ્રી અજિતશેખરવિજયજી મહારાજ, પૂ. શ્રી પૂર્ણરક્ષિતવિજયજી મહારાજ, પૂ. શ્રી મહાગિરિવિજયજી મહારાજ, પૂ. શ્રી વિનયવિજયજી મહારાજ, પૂ. શ્રી કેવલદર્શનવિજયજી મહારાજ આદિ મુખ્ય છે. પૂજ્યશ્રીની પ્રેરક નિશ્રામાં અનેક પ્રતિષ્ઠાઓ, ઉપધાનો અને ઉજમણાં થયાં છે તેમ જ છ'રી પાળતા નાના-મોટા સંખ્યાબંધ સંઘો નીકળ્યા છે. તેઓશ્રીએ માળવા, રાજસ્થાન, સૌરાષ્ટ્ર અને ગુજરાતની ધર્મભાવનાની અભિવૃદ્ધિ કરવા દૂર દૂર સુધી વિહાર અને ચોમાસાં કરવા છતાં કચ્છ, અને ખાસ કરીને વાગડ પ્રદેશના શ્રીસંઘોની જરાયે ઉપેક્ષા ન થાય એની સતત ચિંતા અને કાળજી રાખી છે, એ એમની જવાબદારીની સભાનતા અને મહાનતા દર્શાવે છે. નાનામોટા પ્રત્યેક જીવો માટે પ્રેમ અને કરુણા એ પૂજ્યશ્રીની સંયમસાધનાનો સાર છે. તેથી જ કોઈ પણ વ્યક્તિને પૂજ્યશ્રી પ્રત્યે રોષ કે દ્વેષ જાગે જ નહીં એવા એ અજાતશત્રુ છે. વિશ્વમૈત્રીની ભાવનાને જીવન સાથે એકરૂપ બનાવી લેવા પુરુષાર્થ કરતા, પ્રેમ–કરુણા–વાત્સલ્યના ભંડાર સમા પ્રભાવક આચાર્યપ્રવરશ્રીનું સર્વમંગલકારી માર્ગદર્શન શ્રીસંઘને સુદીર્ઘ સમય સુધી મળતું રહો; અને એ માટે પૂજ્યશ્રી નિરામય દીર્ઘાયુષ્ય પામો એવી શાસનદેવને પ્રાર્થના અને પૂજ્યશ્રીનાં ચરણોમાં કોટિ કોટિ વંદના !

( પ્રેષક : પૂ. મુનિ શ્રી મુનિચંદ્રવિજયજી મહારાજ )



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org